# : : સુખની ક્ષણોનો રત્ન-હાર : :

હા, પહેલવહેલાં ઘર અને જન્મભૂમિને છોડીને આ અમેરિકા દેશમાં આવ્યાં ત્યારે અલબત્ત, અહીંનું કશું જ નહતું ગમતું. આ છતાં તરત ને તરત, કે દાયકાઓ પછી પણ, ઈન્ડિયા પાછાં જનારાં ઘણાં ઓછાં છે. એક વાર અહીં રહી ગયાં, વસી ગયાં, ગોઠવાઈ ગયાં, ટેવાઈ ગયાં, ને પછી તો ગમવા માંડ્યું અહીં જ.

પણ જ્યારે આ સુખના દેશ વિષે વાત કરીએ છીએ ત્યારે એ વિચાર્યું છે કે સુખની વ્યાખ્યા શું છે? શું કેવળ ભૌતિક સગવડો મળે એટલે સુખ મળ્યું કહેવાય? શું એ કારણે જ વહાલો લાગે છે આ દેશ? આ સિવાય શું મળ્યું તે વિષે આપણે વિચારવાનું જ નથી? ઉપરાંત, આપણે "અમેરિકન ડ્રીમ" જેવો શબ્દ-પ્રયોગ પણ અહીં વારંવાર સાંભળતાં હોઈએ છીએ. એનો અર્થ શું? કે એની વ્યાખ્યા શું? મને પોતાને આ પ્રશ્નો થયા કર્યા છે.

દરેક જણના મનમાં જુદા અર્થ અને જુદી વ્યાખ્યા હોઈ શકે છે. સુખને વિષે અને "અમેરિકન ડ્રીમ"ને વિષે મારા પોતાના પણ કંઈક ખ્યાલ છે. એકદમ ટૂંકમાં કહું તો, હું એમ માનું છું કે જરૂરી બધું આપણી પાસે, આપણા જીવનમાં હોય, અને વધારે કશું જોઈતું ના હોય, વધારે કશું ના ઈચ્છીએ- તે સાચું સુખ છે. અને હું માનું છું કે અમેરિકન ડ્રીમ ત્યારે સિદ્ધ થાય છે જ્યારે આપણે સમજીએ છીએ કે શું અને કેટલું પૂરતું છે.

ઈન્ડિયામાંના સુખી જીવનનું ઘણું બધું છોડીને હું અહીં સાવ એકલી આવેલી- ભણવા માટે, ને પછી અહીં જ લગ્ન કર્યાં. પણ આટલાં વર્ષોમાં મેં જુદો બૅન્ક અકાઉન્ટ નથી રાખ્યો, કે નથી મારાં ઘરેણાંની સંખ્યામાં કશો વધારે થયો. મેં ભૌતિક અને સ્થાવરની પાછળ દોડાદોડ ના કરી, પણ એને બદલે જીવનનાં ઉત્તમ – પ્રાકૃતિક તેમજ માનવીય – સર્જનોને જોવામાં તથા સમજવામાં સમય ગાળ્યો. જુદા જુદા કેટલાયે વિષયોમાં રસ પડતો થયો. ધીરે ધીરે કરતાં અમેરિકાનાં વ્યાપક કળા, સંગીત અને સાહિત્ય ક્ષેત્રોનો પરિચય કેળવાયો, અને એમાંના અતિમૌલિક વિભિન્ન પ્રકારોને માણતાં હું અહીં શીખી.

વળી, સદ્‌ભાગ્ય એવું કે એક મુસાફર થઈને સતત પ્રવાસ કરવાની અંતઃપ્રેરણા મળતી રહી. પૈસા ભેગા કરવાની પાછળ પડવાને બદલે આખા વિશ્વમાં ભ્રમણ કર્યા કરવા પાછળ જ હું મહેનત કરતી રહી. આથી બન્યું એવું કે ઈન્ડિયા તો મારું ઘર રહ્યું જ, અને અમેરિકા પણ મારું ઘર થયું જ, પણ સાથે જ, આખું વિશ્વ મારે માટે ઘરનો પર્યાય બની ગયું. આથી, જ્યાં હોઉં, ને જ્યાં જાઉં ત્યાં સુખ જ લાગે, અને આનંદ જ થતો રહે.

મને એમ પણ લાગ્યા કર્યું છે કે અમેરિકા પાસેથી ઘણાં મૂલ્યો મને જાણવા અને શીખવા મળ્યાં. એનું મુખ્ય કારણ કદાચ એ છે કે હું અમેરિકામાં જ જાણે મોટી થઈ, અહીં જ ઘણું વિકસી, અને આ બધી અભૌતિક પ્રાપ્તિઓ પછી, દરેક અનુભવ પાસેથી સુંદરનો, ઉત્તમનો, પર્ફૅક્ષનનો આગ્રહ રાખતી થઈ. મારી જાતની જે સીમા હશે તેને શક્ય તેટલી લંબાવવા પ્રયત્ન કર્યા, વ્યક્તિમાંથી વૈશ્વિક બનવાની આશા રાખી.

આવું બધું ઘણા સૂક્ષ્મ સ્તરે થયું કહેવાય, અને હંમેશાં અન્યો માટે એ સ્પષ્ટ ના પણ થતું હોય, છતાં હું વારંવાર કહેતી અને માનતી આવી છું કે મેં કશું ગુમાવ્યું તો નહીં જ, બલ્કે ઈન્ડિયા તથા અમેરિકા પાસે થઈને બેવડું પામી. ભીતરના ભંડારો ભરાતા જ ગયા છે, અને જિંદગીના મહામૂલા મારા હારમાં સંતોષની ક્ષણોની

અસંખ્ય સૂજનીઓ એક સાથે સરસ ઝૂલે છે.

( ૪૮૫ શબ્દ) ------- પ્રીતિ સેનગુપ્તા